magniflex

| PUBLICATION | : Gujarat Niti | DATE | : March 24, 2012 |
|---|---|---|---|
| PUBLICATION TYPE | : Regional Daily | PAGE NO | : 3 |

# મેગ્નિફ્લેક્સ દ્વારા અત્યાધુનિક અને વધુ આરામપ્રદ મેટ્રેસ ફ્રેશ ટચની રજુઆત



મેટ્રેસિસના ઉત્પાદનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રણી કંપની મેગ્નિફલેક્સ ખુબ સારી રીતે સમજે છે ઉંઘની કિંમત અને વધુ આરામદાયક શયન માટેની જરૂરીયાતોને. આ ક્ષેત્રે સતત રીસર્ચ કરતી મેગ્નિફલેક્સ માનવીના સમગ્ર જીવનકાળ દરમ્યાન વ્યથીત થતાં સુવાના સમયને લક્ષમાં રાખી તે ક્ષેત્રની જરૂરીયાતોને વધુ આરામપ્રદ બનાવવા માટેના વિષયો પર કામ કરી રહી છે. તાજેતરમાં જ કંપનીએ ફ્રેશટચ નામની બ્રાન્ડના મેટ્રેસિસ બજારમાં મુકયા છે. આ બ્રાન્ડના ઉપભોગતાઓના મતે દરેક વ્યક્તિ માટે આ ફ્રેશટચ આરામદાયક ઉંઘ અને તરોતાજા સવાર લઈને આવે છે.

મેગ્નિફલેક્ષે ફ્રેશટચના ડિઝાઈનિંગ માટે અત્યંત ઝીણવટ પૂર્વકની બાબતોને લક્ષમાં રાખી છે. આ મેટ્રેસીસ માટે એવી બાંહેધરી પણ આપી શકાય છે કે તેના પર ઉંઘનાર વ્યક્તિ વધુને વધુ આરામ પ્રદ ઉંઘ મેળવી શકે છે અને મેટ્રેસ પર વિતાવેલી પ્રત્યેક પળ આરામદાયક અને ઉમદા સાબીત થશે.મેમોફોમ મેગ્નિફોમ, ઈલીઓસોફ્ટ અને એલીઓફોમના ત્રણ સ્તર સાથે ડિઝાઈન થયેલ ફ્રેશટચ શરીર, પગ અને ખભાઓને સંપૂર્ણ આરામ આપશે. જ્યારરે મેમોફોર્મ મેગ્નિફોમ શરીરનું દબાણ વિભાજીત કરે છે અને મેટ્રેસમાં ખાલી પડતી જગ્યાને પુરી દે છે જેને કારણે શરીરને વધુ આરામ પ્રાપ્ત થાય છે જયારે એલીઓસોફ્ટ અને એલીયોફોમ સ્વાચ્છોશ્વાસની પ્રક્રિયાને વધુ સુરેખ બનાવે છે. સ્વાચ્છોશ્વાસની પ્રક્રિયા જેટલી વધુ સુરેખ અને સરળ હોય તેના કારણે શરીરની સાથે સાથે મગજને પણ વધુ આરામ મળે છે અને છ કે આઠ કલાકની ઉંઘ બાદ શરીર અને મગજમાં વધુ તાજગી અનુભવાય છે.

ફ્રેશ ટચની ઉંચાઈ 21 cm/8 ઈંચ રાખવામાં આવી છે જેને કારણે વાંસાના દુખાવાઓ જેવા રોગોઅને અન્ય બીમારીઓથી પણ દુર રાખી શકાય છે. આ ઉપરાંત તેનું કવર પણ કાઢી ડ્રાયક્લિન કરી શકાય તેવી રીતે ડીઝાઈન કરવામાં આવ્યું છે જેને કારણે તેને વધુ હાયજીનીક પણ રાખી શકાય છે.

Magniflex launches its new product – Fresh Touch. It is specially designed to ensure a beautiful sleep. It comes at a height if 21/8 cm with a cover which can wasily be removed and cleaned